ન.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/
પોલીસી/૧(૮)/૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી,કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૧૯ – ૦૨ – ૨૦૦૯.

## :–: પ રિ પ ત્ર :–:

વિષય:– <u>નિગમના જુદા જુદા વિસ્તારોમા "જેમ છે તેમ" ના ધોરણે ફાળવવામાં આવેલ જમીનની તબદીલી ફી ની રકમ નક્કી કરવા બાબત.</u>

નિગમ દ્વારા જુદા જુદા વિસ્તારોમા અવિકસીત જમીન સંપાદન કરીને અથવા સરકારી જમીન તબદીલીથી મેળવીને "જેમ છે તેમ" ના ધોરણે ફાળવણી કરવામાં આવેલ છે. તેવી જમીનો અન્યના નામે અથવા સંસ્થાના નામે તબદીલ કરવા રજુઆત મળે છે ત્યારે "જેમ છે તેમ" ના ધોરણે ફાળવેલ જમીનની તબદીલી ફી વસુલ કરવા બાબતે કોઈ ચોકકસ નીતિ/ધોરણ ન હોવાથી સદર બાબતે યોગ્ય નિર્ણય લઈ શકાતો ન હોવાથી નિગમની ૪૭૧ મી સભા જે તા.૦૫–૦૨–૨૦૦૯ ના રોજ મળેલ જેમા કાર્યસુચિ રજુ કરવામાં આવેલ. રજુ કરવામાં આવેલ કાર્યસુચિ અન્વયે થયેલ ઠરાવ ક્રમાંક.૧૨/વિતરણ/૪૭૧/૨૦૦૯ માં ઠરાવ્યા અનુસાર <u>"જેમ છે તેમ"</u> ના ધોરણે ફાળવેલ જમીનના તબદીલીના કિસ્સામાં જે ગામોના સર્વે નંબરોનો સમાવેશ થતો હોય તે ગામોના સર્વે નંબરોની ઔદ્યોગિક હેતુ માટે બીન ખેતી જમીનનો પ્રવર્તમાન જંત્રીનો જે ભાવ હોય <u>તે રકમના ૫૦% કિંમત ગણી તેના ૧૦% પ્રમાણે થતી રકમ</u> તબદીલી ફી પેટે વસુલ મેળવવી.

આથી નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ પરિપત્રનો અમલ કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ) ને નામજોગ પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ......

<u>નકલ રવાના.</u>

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.

રવાના કર્યુ.
મેનેજર(મહેકમ)